|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

# નિમંત્રણ પત્રિકા



## તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત

## અષાઢી ઉજવણી નિમિત્તે

**અનાદિમુક્ત સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી રચિત**

# 'શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' ત્રિદિનાત્મક પારાયણ

વક્તાશ્રીઃ સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

પ્રારંભઃ અષાઢ વદ-૯, તા. ૧૯-૦૭-૨૦૨૫, શનિવાર
પૂર્ણાહુતીઃ અષાઢ વદ-૧૧, તા. ૨૧-૦૭-૨૦૨૫, સોમવાર
તીર્થધામ છતેડી મુકામે ઉપરોક્ત સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે
તેનો સર્વે હેતવાળા મુક્તોએ લાભ લેવા વિનંતી.

## પારાયણ કાર્યક્રમ

### પ્રારંભ

અષાઢ વદ-૧૨/૧૩, તા. ૨૨-૦૭-૨૦૨૫,
મંગળવાર, સવારે ૮:૩૦ કલાકે

### કથાનો સમય

સવારે ૮:૩૦ થી ૧૧:૩૦,
સાંજે ૪:૦૦ થી ૬:૩૦

### ઠાકરથાળી

અષાઢ વદ-૧૪, તા. ૨૩-૦૭-૨૦૨૫,
બુધવાર, રાત્રે ૮:૩૦ કલાકે

### પૂર્ણાહુતિ

અષાઢ વદ-૩૦, તા. ૨૪-૦૭-૨૦૨૫,
ગુરુવાર, સવારે ૧૧:૩૦ કલાકે

### આયોજક એવમ્ નિમંત્રક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**
મુ. બળદિયા, ભુજ-કચ્છ. પીન. ૩૭૦૪૨૭
મો. ૯૦૯૯૦ ૪૯૨૮૨, ૯૦૯૯૦ ૪૯૨૮૪
www.abjibapanichhatedi.org E-mail : abjibapachhatedi@gmail.com

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા સધર્મ ભક્તેરવનં વિધાતા ।
## દાતા સુખાનાં મનસેપ્સિતાનાં તનોતુ કૃષ્ણોઽખિલ મંગલં નઃ ॥

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ પ.પૂ. અબજીબાપાશ્રી, સદ્‌ગુરૂશ્રીઓ તથા સમર્થ મુક્તોના કૃપાપાત્ર અ.મુ.શ્રી......................................................................................................

શ્રી હરિજીની દિવ્ય સ્મૃતિ સહ સહર્ષ જણાવવાનું કે કચ્છ પ્રદેશમાં બળદિયા (વૃષપુર) મુકામે શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા નંદ પંક્તિના સંતોના પાવનકારી વિચરણથી મહાપ્રસાદીરૂપ કાળી તલાવડીના કાંઠે શ્રીજીમહારાજે દેવબાને પુત્રપણાનું વરદાન આપ્યું અને સં. ૧૯૦૧ કારતક સુદ-૧૧, પ્રબોધિની એકાદશી (તા.૨૦-૧૧-૧૮૪૪)ના દિવસે રાત્રે ૯:૧૦ કલાકે બાપાશ્રીનું પ્રાગટ્ય થયું. આવા આ તીર્થ સ્થાનમાં અનાદિ મહામુક્તરાજ પ.પૂ. અબજીબાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યા છે તેમજ દર વર્ષે અષાઢ માસની અમાસના ઉજવણી કરી બાળકો જમાડતા જે આજ પર્યંત દર વર્ષે ઉજવાય છે. સં. ૧૯૭૧ ચૈત્ર સુદ-૩ (તા.૧૮-૦૩-૧૯૧૫)ના બાપાશ્રીએ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આ સ્થાનના દર્શન કરનારને આત્યંતિક કલ્યાણનો કોલ આપ્યો છે, તેમજ સં. ૧૯૭૮ વૈશાખ સુદ-૩ (તા.૩૦-૪-૧૯૨૨)ના ભીડભંજન હનુમાનજી પધરાવી દીન દુઃખી અને ભૂત-પ્રેતાદિકથી પીડાતા લોકોના દુઃખો દૂર કરી અક્ષરધામમાં લઈ જવાના આશીર્વાદ આપ્યા છે. આવા કલ્યાણકારી કાર્યો કરી સં. ૧૯૮૪ અષાઢ સુદ-૫ (તા.૨૨-૦૬-૧૯૨૮)ના રોજ બાપાશ્રી અંતરધાન થયા. ત્યારબાદ બાપાશ્રીના પુત્ર અ.મુ. પૂજ્યશ્રી કાનજીબાપા તથા અ.મુ. પૂજ્ય શ્રી મનજીબાપાએ આ ભૂમિ છતેડીધામ વિકાસ માટે અર્પણ કરી. ત્યારબાદ મુનિસ્વામીએ સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં મંદિર નિર્માણ કરી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, જેનો પાટોત્સવ દર વર્ષે વૈશાખ સુદ-૧૫ના ઉજવાય છે.

અ.મુ. સદ્‌ગુરૂ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રશ્નો પુછી શ્રીમુખવાણી વચનામૃતના ગૂઢ અગમ રહસ્ય સુગમ કર્યા અને વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો આ તીર્થભૂમિમાં સં. ૧૯૬૨ વૈશાખ વદ ૧ ના લખવાનો પ્રારંભ કર્યો તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી વૃંદાવનદાસજી સ્વામી તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી તથા અ.મુ. પૂજ્યશ્રી સોમચંદબાપાએ બાપાશ્રીના દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી કારણ સત્સંગના સિદ્ધાંતો ઉજાગર કરી સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.



અનાદિમુક્ત
સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી



અનાદિમુક્ત
સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી



અનાદિમુક્ત
સદ્. શ્રી નિર્ગુણાનંદ બ્રહ્મચારી



અનાદિમુક્ત
સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

ત્યારબાદ સં. ૨૦૫૧ (ઈ.સ. ૧૯૯૫)માં અ.મુ. પૂજ્યશ્રી જાદવજીબાપા અને અ.મુ. પૂજ્યશ્રી નારાયણભાઈએ અબજીબાપા સંસ્કારધામ તેમજ એજ્યુકેશન કાર્યને શુભ આશીર્વાદથી ધમધમતું કરી મહાકલ્યાણકારી કાર્ય કર્યું અને આશીર્વાદ આપી અનેક મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી સૌને ઋણી કર્યા છે.

આવી કલ્યાણકારી ભૂમિમાં અષાઢી ઉજવણી ઉપલક્ષમાં સં. ૨૦૮૧ અષાઢ વદ-૧૩, તા. ૨૨-૭-૨૦૨૫, મંગળવાર થી અષાઢ વદ-૩૦, તા. ૨૪-૭-૨૦૨૫, ગુરૂવાર સુધી અ.મુ. સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી રચિત શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત ગ્રંથનું ત્રિદિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા, સંતોના આશીર્વાદ તેમજ ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

લિ. દર્શનાભિલાષી
સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ તથા
છતેડી સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ

### પારાયણના વક્તાશ્રી

સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

અ.મુ. સદ્. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી સ્વામી,
અ.મુ. શ્રી કાનજીબાપા, અ.મુ. શ્રી મનજીબાપા,
અ.મુ. શ્રી સોમચંદબાપા, અ.મુ. શ્રી જાદવજીબાપા તથા
અ.મુ. શ્રી નારાયણમામાની દિવ્ય પ્રેરણાથી

### પારાયણના મુખ્ય યજમાન

મૂ.નિ. મંજુલાબેન રામકૃષ્ણભાઈ સોમૈયા તથા મૂ.નિ. શ્રી રામકૃષ્ણભાઈ તુલસીદાસ સોમૈયા
હસ્તે શ્રી કુમારભાઈ રામકૃષ્ણભાઈ સોમૈયા, શ્રીમતી નીરૂબેન કુમારભાઈ સોમૈયા સહપરિવાર - મુંબઈ

### પારાયણના સહ યજમાન

મૂ.નિ. શ્રી રામાભાઈ ગોવિંદભાઈ પટેલ
હસ્તે શ્રી ભાઈલાલભાઈ રામાભાઈ પટેલ, શ્રીમતી શારદાબેન ભાઈલાલભાઈ પટેલ તથા
શ્રી કનુભાઈ રામાભાઈ પટેલ, મૂ.નિ. નિશાબેન કનુભાઈ પટેલ સહપરિવાર - ઝુંડાલ

| પ્રારંભ | કથા સમય | પૂર્ણાહુતિ |
|---|---|---|
| અષાઢ વદ-૧૨/૧૩, તા. ૨૨-૦૭-૨૦૨૫ | સવારે : ૦૮:૩૦ થી ૧૧:૩૦ | અષાઢ વદ-૩૦, તા. ૨૪-૦૭-૨૦૨૫ |
| મંગળવાર, સવારે : ૦૮:૩૦ | સાંજે : ૪:૦૦ થી ૦૬:૩૦ | ગુરૂવાર, સવારે : ૧૧:૩૦ |